ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૦.૦ ડીગ્રી
લઘુતમ : ૨૫.૫ ડીગ્રી
ભેજ
સવારે ૯૨ ટકા ● સાંજે ૮૮ ટકા
ગાંધીનગર તાપમાન

# 'ક' માર્ગ પર ગાયોના ધણના અડિંગાથી વાહનચાલકો ત્રસ્ત...!!

## ગોકુલપુરા પાસે રોડ પર બેસેલી ગાયોના કારણે વારંવાર ટ્રાફિક જામ સાથે અકસ્માતનું જોખમ : તંત્ર એ સત્વરે લાલ આંખ કરી પગલાં ભરવાની તાતી જરૂર

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગરના 'ક' માર્ગ પર થઈને જો તમારે વાહન લઈને પસાર થવાનું હોય તો ઘરેથી અડધો કલાક વહેલા નીકળજો કેમ કે આ માર્ગ પર ગોકુલપુરા ગામે તમને જાણે રસ્તા રોકો આંદોલનનું એલાન હોય તેમ ગાયોનું ધણ સમગ્ર રોડ બ્લોક કરીને વચ્ચે બેઠેલું મળશે. વળી, તમે ગમે તેટલા હોર્ન વગાડશો કોઈ ઢોર ઉઠશે નહીં કે પશુપાલક હટાવવા આવશે નહીં.

ગોકુલપુરા ગામ એ માલધારીઓની વસ્તી ધરાવતું ગામ છે તેથી સ્વાભાવિક રીતે જ અહીં પશુધન મોટા પ્રમાણમાં જોવા મળે છે. અહીંના પશુપાલકો મોટી સંખ્યામાં ગાયનો ઉછેર કરે છે તેથી ગાયોની સંખ્યા સવિશેષ છે. અત્યારે ચોમાસાની ઋતુના કારણે આ પશુધનને નજીકમાં જ કુદરતી ઘાસચારો મળી રહેતો હોવાથી બહુ દૂર જવું પડતું નથી જેના કારણે મોટા ભાગનો સમય ગાયોના ધણ તેમના પશુપાલકના નિવાસસ્થાને જ હોય છે. ચોમાસાની ઋતુમાં ગામડાંના ગારાવાળી વસ્તીમાં કાદવ કીચડ તથા છાણ-પોદળાંને લીધે જીવજંતુઓનો ઉપદ્રવ વધી જવા પામે છે અને ગાયોને કનડે છે તેથી આ ગાયો ખુલ્લા અને ચોખ્ખા વિસ્તારમાં બેસવાનું વધુ પસંદ કરે છે. આ કારણે ગામની ગાયોનું ધણ મોટી સંખ્યામાં 'ક' રોડ પર આવીને અડિંગો જમાવે છે કેમ કે ડામરનો મોટો રોડ સતત વાહનોની અવરજવરને કારણે ચોખ્ખો હોય છે અને વાહનોના ધુમાડાને કારણે માખી મચ્છર જેવા જીવજંતુઓનો ઉપદ્રવ પણ ઓછો હોય છે.

ગાંધીનગરની ઈલેક્ટ્રોનિક જીઆઈડીસી આગળથી પસાર થતો હોવાથી 'ક' માર્ગ પર હેવીલોડેડ ટ્રાન્સપોર્ટ વ્હિકલ્સ વધારે સખ્યામાં જોવા મળે છે. વળી, આ માર્ગ માણસા, ગોઝારિયા, વીસનગર, તરફના ટ્રાફિકને અમદાવાદ અસજી હાઈવે કે આશ્રમ રોડ પર જવા માટે શોર્ટ કટ હોવાથી તે ટ્રાફિક પણ અહીંથી પસાર થાય છે તેથી 'ક' રોડ ચોવીસે કલાક ધમધમતો હોય છે. ન્યુ વાવોલ વિસ્તારમાં પણ નવી રહેણાંક સોસાયટીઓનો વિકાસ વધુ થયો હોવાથી પણ ટ્રાફિક પર ભારણ વધ્યું છે. આ સંજોગોમાં આ માર્ગ પર વહેલી સવારથી રોડની વચ્ચોવચ અડિંગો જમાવતી ગાયો વાહનચાલકો માટે શિરદર્દ સમાન બનવા પામે છે અને વારંવાર ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાય છે. સત્વરે આ મુશ્કેલીનું તંત્ર દ્વારા કડક હાથે નિરાકરણ લવાય તેવી આસપાસના વિસ્તારની જનતામાં માંગ ઉઠવા પામી છે.



### ઉકરડાં વધીને વાવોલની સોસાયટીઓ સુધી પહોંચ્યા



ગાયો સહિત પશુધન ઉછેરતા પશુપાલકો દ્વારા રોડની નજીકમાં ખુલ્લી જગ્યામાં જ છાણના ઢગલાં કરી ઉકરડાં તૈયાર કરાય છે જેના કારણે માર્ગની બંને તરફ અને આગળ વધીને સંગાથ સોસાયટી તરફના માર્ગે ઉકરડાં એટલાં વધી ગયા છે કે અહીંથી રાહદારી કે વાહનચાલકને પસાર થતાં દુર્ગંધનો સામનો કરવો પડે છે વળી, ઉકરડાંને કારણે પારાવાર ગંદકી સર્જાઈ રહી છે. જેમાં રોગજન્ય જીવાણુઓનો ઉપદ્રવ વધી રહ્યો છે તેથી રોગચાળાનો ખતરો મંડરાઈ રહ્યો છે.

### સ્કૂલે જતા-આવતા બાળક-માતાને અકસ્માતનું જોખમ

વાવોલના નવ વિકસિત વિસ્તારમાં સોસાટીઓ વધતા અસંખ્ય પરિવારોનો ઉમેરો થયો છે. સવારે આ પરિવારોના બાળકને શાળાએ મુકવા તેમજ બપોરે કે સાંજે પરત લેવા સ્કૂટર લઈને જતી માતાઓ તથા બાળકો પર આ ગાયોનો કારણે અકસ્માતનું જોખમ તોળાઈ રહ્યું છે.

# આઈઆઈટી ગાંધીનગર ખાતે નવી બેચમાં ૧૯૪ વિદ્યાર્થીઓનું સ્વાગત કરાયું






ગાંધીનગર, તા.૨૩

આજે ગાંધીનગરના પાલજ ખાતેની આઈઆઈટી ખાતે ૫ સપ્તાહના ફાઉન્ડેશન કોર્સના પ્રારંભ સાથે વર્ષ ૨૦૧૮-૨૨ની બેચમાં ૧૯૪ વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવ્યો હતો. આ બેચમાં દેશના ૧૮ રાજયોમાંથી વિદ્યાર્થીઓએ આઈઆઈટી જોઈન કર્યું છે તેમજ આ બેચમાં વિદ્યાર્થીઓની સંખ્યા પણ વધીને ૧૫ ટકા સુધી પહોંચવા પામી છે.

નવી બેચના ફાઉન્ડેશન પ્રોગ્રામના ઉદઘાટન સમારોહમાં મુખ્ય અતિથિપદે હીનીબી નેટવર્કના સ્થાપક અને ગ્રામવિસ્તારના કાર્યકર્તા પ્રો. અનિલકુમાર ગુપ્તા ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે તેમણે સમાજ અને માનવતના લાંબા ગાળાના ફાયદા સાથે સામાજિક જરૂરિયાતો માટેના ઉકેલો શોધવા પર ભાર મુકયો હતો. આ પ્રસંગે આઈઆઈટી જીના ડિરેકટર પ્રો. સુરેર જૈન, શૈક્ષણિક બાબતોના ડીન પ્રો. જેસન મંજાલી, વિદ્યાર્થી બાબતોના ડીન પ્રા. પ્રતિક મુથા ઉપસ્થિત રહ્યા હતા.

# એસટી ડેપોમાં યુવતિની બેગમાંથી રૂ.૧૨ હજારની ચોરી

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર શહેરના એસટી ડેપોમાં ગત રોજ સાંજના સુમારે બસની રાહ જોઈને ઉભેલી એક યુવતિની કોલેજ બેગમાંથી તેની નજર હટાવી રૂ.૧૨ હજાર તેમજ જરૂરી ડોક્યુમેન્ટની ચોરી થવા પામી છે. બનાવ અંગે સેકટર-૭ પોલીસ મથકે ફરિયાદ નોંધાતા પીએસઆઈ એ.જે. શાહે વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ ગાંધીનગર શહેરના એસટી ડેપોમાં તા. ૨૨ જુલાઈને રવિવારના રોજ સાંજના ૭.૩૦ કલાકે હાલ મકાન નં-૧૩૯ છપાડીયા, ભુરખીયા મંદિર તાલુકો-લાઠી જિલ્લો-અમરેલીના અર્ચનાબેન ઘનશ્યામભાઈ ગોરસીયા બસની રાહ જોઈને ઉભા હતા. તે સમયે કોલેજ બેગમાં આધારકાર્ડ, ચુંટણીકાર્ડ, ડોકટરનું રજીસ્ટ્રેશન લાઈસન્સ, એસબીઆઈ એટીએમકાર્ડ અને સીન્ડીકેટ બેંકનું ડેબીટકાર્ડ, વિસનગર કોલેજ લાયબ્રેરીનું કાર્ડ, બે પેન ડ્રાઈવ અને રોકડ રૂ. ૧૨ હજાર મુકેલા હતા. ત્યારે એસટી ડેપોમાં સાંજના સુમારે કોઈ ચોર ઈસમ તેમની નજર ચુકવીને કોલેજ બેગમાંથી તમામ વસ્તુની ચોરી કરી લઈ ગયો. થોડીવાર પછી અર્ચનાબેનને બેગમાંથી વસ્તુઓની ચોરીની જાણ થતા તેઓએ સેકટર-૭ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા વધુ તપાસ પીએસઆઈ એ.જે. શાહ ચલાવી રહ્યા છે.

# "તમને નોકરી મળી ગઈ છે" ફોન કરી પૈસા પડાવતો શખ્સ ઝડપાયો







ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર શહેરમાંથી ખોટા નામે ફોન કરી નોકરીની લાલચ આપી ઉમેદવાર ભાઈ બહેનો સાથે આર્થિક છેતરપિંડી આચરતા હોવાના કિસ્સા સામે આવ્યા હતા. જેને પગલે એલસીબી પોલીસ ટીમ કામે લાગી ગઈ હતી, અને બાતમીના આધારે એલસીબી પીએસઆઈ એમ.જે.શિંદેએ મકરબા ખાતેથી લેભાગુ એક વ્યકિતને ઝડપી પાડી કાયદેસરની કાર્યાવાહી હાથ ધરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગઈરાતના રોજ એલસીબી પોલીસ મથકના પીએસઆઈ એમ.જે.શિંદે પેટ્રોલીગમાં હતા તે દરમિયાન તેઓને બાતમી મળી હતી કે અનીલ કેશુભાઈ ઉધરેજીયા રહે. મકરબા, ભરવાડ વાસ, ગફુરભાઈ ભરવાડના મકાનમાં ભાડેથી રહે છે. (જયારે મુળ ગામ. રતનપુર નવાપુરા, તા.જી. બોટાદ) આ શખ્સ ફોન કરીને તમને ગાંધીનગરમાં સરકારી નોકરી મળી ગઈ છે તેમ કહી ઉમેદવારો પાસેથી પૈસા પડાવી છેંતરપિંડી કરે છે. જેને પગલે એલસીબી પીએસઆઈ એમ.જે.શિંદે અને તેમની ટીમના સભ્યો જયવિરસિંહ, અજયકુમાર અને વિપુલકુમારે આ શખ્સની ઉંડાણપૂર્વક પુછપરછ કરતા જાણવા મળ્યું હતું કે અનિલ દુધરેજીયા અગાઉ મોબાઈલ પ્રોવાઈડર કંપનીમાં નોકરી કરતો હતો. અને જુદા જુદા તાલુકામાં ભરતી મેળાના આયોજનમાં નોકરી ઈચ્છુક યુવક-યુવતિઓના ફોટો તેમજ મોબાઈલની વિગત મેળવી લીધી હતી. જેને અનુલક્ષીને નોકરી ઈચ્છુકોને ફોન કરી નોકરી લાગી છે તેમ જણાવી રૂપીયાની માંગણી કરતો અને બેંક ઓફ બરોડાના પોતાના એકાઉન્ટમાં રૂપીયા જમા કરાવવાનું કહેતો હતો. અને તુરંત રૂપીયા બેંકમાંથી ઉપાડી લઈને મોબાઈલ સીમકાર્ડ બંધ કરી દેતો હતો.

આજથી વીસ દિવસ અગાઉ સુરતની એક વ્યકિતને ફોન કરી પોતે ડેપ્યુટી ડાયરેકટરની ખોટી ઓળખ આપી તેમની દિકરીને કોમ્પ્યુટર ઓપરેટર તરીકે નોકરી લાગી છે અને છેલ્લી તારીખ છે તેમ કહી રૂ.૩૧,૫૦૦ જમા કરાવવાનું કહ્યું હતું. ત્યારબાદ યુવતિએ રકમ એકત્ર કરીને કુલ રૂ.૩૧,૫૦૦ ઈસમના જણાવેલા એકાઉન્ટમાં જમા કરાવ્યા હતા. ત્યારબાદ ગણતરીની મિનીટમાં એટીએમથી પૈસા ઉપડી ગયા હતા અને બાદમાં મોબાઈલ પણ બંધ કરી દીધો હતો. જેની વિરૂધ્ધમાં માંગરોળ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયેલ હોવાથી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. આ શખ્સ પાસેથી બે મોબાઈલ ફોન, બેંક ઓફ બરોડાની પાસબુક, તેમજ એટીએમ કાર્ડ કબ્જે કર્યું છે. આ શખ્સે અલગ અલગ આશરે ૧૮ થી ૨૦ જેટલા નોકરી ઈચ્છુક ઉમેદવારો પાસેથી અંદાજીત રૂ. ૪ લાખ પડાવી છેતરપિંડી આચરી હોવાનું જાણવા મળ્યું છે.

## આફ્રિકા જવા રૂપિયા ના આપતા ધમાચકડી મચી

ગાંધીનગર નજીક આવેલા રતનપુર ગામે રહેતા ૬૦ વર્ષિય જશુબેન રજુજી બિહોલા રવિવારના રોજ પોતાના દિકરા નરેન્દ્રસિંહ સાથે સગાની ખબર કાઢવા ગયા હતા. ત્યારબાદ રતનપુર પોતાના નિવાસ સ્થાને પરત આવ્યા હતા. પ્રાપ્ત માહિતી મુજબ તે સમયે પોતાના દિકરાના સસરા રમેશસિંહ, સાળા જીતેન્દ્રસિંહ, સાસુ સિતાબેન તેમજ સાળી સુમનબેન આવ્યા હતા. ત્યારે દિકરાના સસરાએ પોતાને આફિક્રા જવું છે અને રૂ. ૧ લાખની જરૂર હોવાથી મદદ કરવા જણાવ્યું હતું પરંતુ જશુબેન પાસે આટલી મોટી રકમ ન હોવાથી તેઓએ રૂ.૧ લાખની સગવડ થઈ શકે તેમ નથી તેમ કહેતા જ બંન્ને પરિવારો વચ્ચે બોલાચાલી વધી ગઈ હતી. ત્યારબાદ બોલાચાલીએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરતા વાત મારામારી સુધી પહોંચી ગઈ હતી. વેવાઈને આફ્રિકા જવા વેવાણે રૂપીયા ના આપતા ધમાચકડી મચી જવા પામી હતી. જશુબેનના દિકરા નરેન્દ્રસિંહની પત્નિને પણ તેમના માતા-પિતા ઝઘડા બાદ સાથે લઈ ગયા હતા. જયારે નરેન્દ્રસિંહની ૬ માસની દિકરીને તેઓને સોંપી ગયા હતા. આ પારિવારીક માથાકુટમાં સામાન્ય ઈજાઓ પણ પહોંચી હતી જેને પગલે સારવાર લેવાની પણ જરૂર પડી હતી. બનાવ અંગે જશુબેને ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## સેકટર-૨ની પરિણિતાએ પતિ અને સાસુ સામે ફરિયાદ નોંધાવી

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર શહેરના સેકટર-૨ ડી ખાતે રહેતી પરિણિતાએ પોતાના પતિ અને સાસુ વિરૂદ્ધ શારીરીક માનસિક ત્રાસ, અપશબ્દો બોલી ગડદા પાટુનો માર માર્યો હોવાની ફરિયાદ સેકટર-૭ પોલીસ મથકે નોંધાવતા પીએસઆઈ એસ.ડી.ચૌધરી વધુ તપાસ ચલાવી રહ્યા છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર શહેરના સેકટર-૩૦ પ્લોટ નં-૫૮૫-૧ શાંતિવન સોસાયટી ખાતે રહેતા નિધીબેન સતિશભાઈ વ્યાસે સેકટર-૨ ડી પ્લોટ નં- ૧૭૫૭-૨માં વસવાટ કરતા પોતાના પતિ સતિશભાઈ અને સાસુ જયોત્સના બેને ગત તા. ૧૯-૫-૧૮ ના રોજ પરિણિતાને સાંજના સુમારે સેકટર-૨ ના નિવાસ સ્થાને તેમના પતિ અને સાસુએ શારીરીક અને માનસિક ત્રાસ આપી, ગંદી ગાળો બોલી ગડદાપાટુનો માર માર્યો હતો અને ઘરમાંથી કાઢી મુકી હતી. જેની ફરિયાદ સેકટર-૭ પોલીસ મથકે પરિણિતાએ ફરિયાદ નોંધાવતા પીએસઆઈ એસ.ડી.ચૌધરીએ આગળની કાર્યવાહી હાથ ધરી છે.



આજ રોજ સરકારી વાણિજ્ય કૉલેજ સેક્ટર-૧૫ ગાંધીનગર ખાતે B.Com. ની બેઠકો ની માંગણી કરવામાં આવી ઓનલાઈન પ્રકિયા પુર્ણ થયાં બાદ ઓફલાઈનમાં ફક્ત ૬૭ જેટલી બેઠકો બાકી રહી હતી. તેની સામે ૨૭૪ વિદ્યાર્થીઓનાં ફોર્મ આવેલ. ઓફલાઈન પ્રક્રિયામાં ફક્ત ૬૭ જ બેઠકો બાકી હોવાથી ૨૦૭ વિદ્યાર્થીઓનું ભવિષ્ય અધ્ધરતાલ થઈ રહ્યુ હોવાથી NSUI દ્વારા બેઠક વધારવા માટેનું આવેદન પત્ર આપવામાં આવ્યુ હતું. આ કાર્યક્રમમાં ગાંધીનગર જીલ્લા NSUI ના વિદ્યાર્થી નેતા નયન શ્રીમાળી, અજયસિંહ, મિત્તેષસિંહ, વિજયસિંહ, કુલદીપસિંહ, ધવલસિંહ, રાજપાલસિંહ, રાહુલસિંહ સહીત ૨૦૦થી વધુ વિદ્યાર્થી હાજર રહ્યાં હતાં.

## વિશ્વકર્મા સરકારી ઈજનેરી કોલેજમાં ૨૦૦ વૃક્ષોનું વાવેતર કરાયું

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર પાસેના ચાંદખેડા ખાતેની વિશ્વકર્મા સરકારી એન્જિનીયરીંગ કોલેજ ખાતે પર્યાવરણ જાળવણી હેતુસર વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કોલેજના વિદ્યાર્થીઓએ ૨૦૦ કરતા વધારે વૃક્ષોનું વાવેતર કર્યું હતું.

પર્યાવરણ અંગે જાગૃતિ વધે અને સાથે પર્યાવરણની જાળવણી થાય તેવા ઉમદા હેતુથી આયોજિત આ વૃક્ષારોપણ કાર્યક્રમમાં મુખ્ય મહેમાનપદે ઉચ્ચ શિક્ષણ કમિશનર કે.કે.નિરાલા ઉપસ્થિત રહ્યા હતા. જેમણે કોલેજના આચાર્યા તથા પ્રાધ્યાપકગણ અને ભૂતપૂર્વ તથા વર્તમાન વિદ્યાર્થીઓ સાથે મળીને વૃક્ષારોપણ સંપન્ન કર્યું હતું. વૃક્ષારોપણ દરમિયાન ૫૦થી વધુ સ્વયંસેવકોએ જહેમત ઉઠાવી સમગ્ર કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. વિદ્યાર્થીઓમાં પર્યાવરણ અને જાગૃતિ તો વધી રહી છે તે આ કાર્યક્રમથી જણાઈ આવ્યું હતું. આ કાર્યક્રમનું આયોજન ભૂતપૂર્વ વિદ્યાર્થી એસોસિએશન, એડવાનેચર કલબ અને એનએસએસ યુનિટ દ્વારા કરવામાં આવ્યું હતું.



### ચિરવિદાય

- સ્વ. ડાભી પૂંજાજી જગાજી, ઉ.વ. ૯૫
- સ્વ. જયોત્સનાબોન બાબુભાઈ પ્રજાપતિ, ઉ.વ. ૫૬
- સ્વ. લક્ષ્મણજી સોમાજી ઠાકોર, ઉ.વ. ૭૦